સરકારી (કન્યા) છાત્રાલય ઉમરપાડા, જિ.સુરત ખાતે છાત્રાલય બાંધકામ કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: છતલ/૧૫૨૦૧૭/ન.બા.૫૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી (આ.વિ) ની કચેરીનો તા.૦૫/૦૧/૨૦૧૭નો પત્ર નં.આવિ/છતલ/૧/ ફા.નં.૧૯૮૩/૨૦૧૬-૧૭/૧૧ થી ૧૨ તથા તા:૨૭/૦૧/૨૦૧૭નો પત્ર નં. આવિ/ છતલ/ ૧/ફા.નં.૧૯૮૩/૨૦૧૬-૧૭/૭૪

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શિક્ષણનો વ્યાપ વધે તથા વિદ્યાર્થીઓના મા-બાપ વાલીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સારૂ શિક્ષણ મેળવી શકતા નથી. આથી સરકારે અનુસૂચિત જનજાતિના બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તે માટે સરકારી છાત્રાલયો શરૂ કરેલ છે. આ છાત્રાલયો પૈકી સરકારી (કન્યા) છાત્રાલય ઉમરપાડા, જિ. સુરત ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટે કમિશનરશ્રી (આ.વિ.)એ આ અંગેની આ અંગેની વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ અંદાજીત ખર્ચ રૂ.૧૮૪૬.૦૧ લાખના અંદાજો સામે રૂ.૬૧૫.૨૭ લાખ માંગણી ક્રમાંક: ૯૬ હેઠળની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકારી (કન્યા) છાત્રાલય ઉમરપાડા, જિ. સુરત ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટેના કુલ અંદાજીત ખર્ચ રૂ. ૧૮૪૬.૦૧ લાખની સામે માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૬૧૫.૨૭ લાખ(અંકે રૂપિયા છ કરોડ પંદર લાખ સત્યાવીસ હજાર પુરા)ની સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં માં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રની જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઈ.ટી.સબંધિત તમામ બાબતો અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૦૪૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) માર્ગ અને મકાન વિભાગના પ્રવર્તમાન SOR મુજબ જ કામગીરી કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૨-VKY-૫૧ બિલ્ડીંગ સરકારી (કન્યા) છાત્રાલય ઉમરપાડા, સુરત ખાતે છાત્રાલય બાંધકામ કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.30/03/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.